SC/38/2009 ORDER

## આંક–૧૦૦૩ હેઠળ હુકમ

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી આઇ.આઇ.મુન્શી તથા સરકાર તરફે વિ.સ્પે.પી.પી.શ્રી એમ.આર.અમીનને સાંભળ્યા. જેલ ઓથોરીટી તરફે જેલર શ્રી એ.આઇ.શેખ અત્રે અદાલતમાં ઉપસ્થિત છે.

(૧) અરજદાર/આરોપીઓ તરફે હાલની અરજી આપી એવી રજુઆત કરેલી છે કે તેઓને રાત્રી નમાજ દરમ્યાન કુરાનનું પઠન કરવાનું હોય છે અને તે માટે હાફીઝની જરૂર પડે છે, હાલમાં આરોપીઓને ખોલી નં.૨૦૦ માં રાખવામાં આવ્યા છે, જેઓને બંદી સમય દરમ્યાન સીંગલ રાખવામાં આવે છે જેથી રમઝાનની ખાસ નમાજ 'તરાવીહ' પઢવામાં મુશ્કેલી પડે છે જેથી જેલ સત્તાવાળાઓને એવો હુકમ કરવાની જરૂર છે કે આરોપીઓને ૩, ૩, કે ૪, ૪ ના ગૃપમાં રમઝાન માસ પુરતા જેલ બંદી સમય દરમ્યાન રાખવામાં આવે.

(૨) જેલ સત્તાવાળાઓ તરફે આંક–૧૦૧૩ થી આ અરજીનો જવાબ રજુ કરવામાં આવ્યો છે અને તે સાથે દસ્તાવેજો પણ અત્રે રજુ કરવામાં આવ્યા છે.

આ તમામ વંચાણે લેતાં એવી હકીકત સ્પષ્ટ થાય છે કે અધિક પોલીસ મહાનિર્દેશક અને જેલોના ઇન્સ્પેકટર જનરલની કચેરી, ગુજરાત રાજય, અમદાવાદ તરફથી કરવામાં આવેલ હુકમ મુજબ સિરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસના આરોપીઓને એક બેરેકમાં ન રાખવા તથા એક જુથમાં કામગીરી ન સોંપવી કે

જેથી તેઓ કોઈ ગુન્હાહિત કાવતરૂ ન રચી શકે, એ મતલબનો પરિપત્ર બહાર પાડેલ છે તે આ કામે રજુ કરવામાં આવેલો છે. વધુમાં એવી રજુઆત કરેલી છે કે જેલમાં રહેલ આ પ્રકારના આરોપીઓ સંગઠન ન બનાવે તેની કાળજી પણ જેલ સત્તાવાળાઓએ રાખવાની હોય છે અને તેઓની બેરેક પણ સમયાંતરે બદલાતી હોય છે, જે તમામ સંજોગોમાં માંગ્યા મુજબની દાદ મંજુર થઇ શકે તેમ નથી.

આ કામે રજુ કરેલ દસ્તાવેજ કે જે અધિક પોલીસ મહાનિર્દેશક અને જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રીનો પરિપત્ર છે, તે વંચાણે લેતાં મુંબઇ જેલ મેન્યુઅલના નિયમ– ૬૮૭ મુજબ સાંજે ૬–૧૫ થી ૬–૪૫ દરમ્યાન કેદીઓની ગણતરી કરી જેલ બંધ થાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી, કેદી નાશી જાય તેવા બનાવો નિવારવાની જવાબદારી વિગેરે જેલ સત્તાવાળાઓના શિરે નાંખેલ છે. અન્ય એક દસ્તાવેજ પણ રજુ કરી જેલ ઓથોરીટીએ પોતે જવાબમાં રજુ કરેલ રજુઆતને ટેકો પ્રદાન કરેલો છે.

(૩) અરજદાર/આરોપીઓના વિ.વ.શ્રીઓને અદાલતે 'તરાવીહ' ની નમાજ કેટલા વાગ્યે પઢવાની હોય છે તેમ પુછતાં, તેઓ જણાવે છે કે આ નમાજ રાત્રીના નવ થી સવા નવ વચ્ચે પઢવાની હોય છે. આ અદાલતનાં મતે ઉપરોકત નિયમ સાથે આ હકીકત ધ્યાને રાખતા માંગ્યા મુજબની દાદ મંજુર કરવાથી જેલની સલામતિ સારૂ બનાવેલ નિયમો તથા રજુ કરેલ નોટીફીકેશનનો ભંગ થાય, જે આવકાર્ય નથી અને તેથી માંગ્યા મુજબનો હુકમ કરવામાં ન્યાયિક શાણપણ પણ નથી.

વળી આ પ્રકારે હુકમ કરવો તે હાલમાં જ બનેલ સુરંગકાંડના

બનાવને સદંતર નજરઅંદાજ કરવા સમાન છે જે પણ આવકાર્ય નથી. એ વાત જુદી છે કે આ અદાલત સુરંગકાંડના બનાવ બાબતે આ હુકમમાં કોઇ નિષ્કર્ષ ઉપર આવતી નથી તથા આ અરજીની આ વિષય વસ્તુ પણ નથી પરંતુ સદરહું બનાવના આધારે કરવામાં આવેલ મૌખિક રજુઆતમાં જેલની સલામતિ પર ભાર મુકી હાલની અરજી નામંજુર કરવાની જે રજુઆત કરેલ છે તેમાં ભારોભાર તથ્ય જણાઇ આવે છે, તેવું આ અદાલત વિનમ્રપણે માને છે.

(૪) ઉપરોકત સંજોગો તથા હકીકતોમાં અરજદાર/આરોપીઓએ કરેલ આ અરજી મંજુર કરવી ન્યાયોચિત ન હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

હાલની અરજી નામંજુર કરી તે રીતે તે ફેંસલ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.૧૮ મી માહે–જુલાઇ, સને–૨૦૧૩ ના રોજ ચાલુ વિડીયોગ્રાફી દરમ્યાન આ કેસના તમામ સંલગ્ન વિ.વ.શ્રીઓ તથા જેલરશ્રીની હાજરીમાં ખુલ્લી અદાલતમાં લખાવી જાહેર કર્યો.

તા.૧૮/૭/૨૦૧૩

(જયોત્સના યાજ્ઞિક)
વિશેષ ન્યાયાધીશ,
ડેઝીગ્નેટેડ કોર્ટ ફોર સીરીયલ–
બોમ્બ બ્લાસ્ટ કેસીસ,
કેમ્પ–અમદાવાદ.

યુનીક આઇડી કોડ નં.જીજે૦૦૦૨૪

પી.જે.રાઠોડ